# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૫૮ કેસ

## કોરોનાને લીધે ૧૦નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૩૫૧૨૭ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૮૭ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૫૨૦૯

ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટ્યાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે.

સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અકસીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે. આજે રાજ્યમાં ૧૧૫૮ દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૩૭૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૩૫,૧૨૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૦,૯૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૮૪.૫૧ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૧,૧૪,૬૭૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૧૫૮ કેસ નોંધાયા છે. જ્યારે ૧૩૭૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૩૫,૧૨૭ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૭.૭૯% ટકા છે.રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૮૨,૨૪૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૮૧,૯૪૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૯૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૭.૭૯ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૫૨૦૯ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૨ છે. જ્યારે ૧૫૧૨૭ લોકો સ્ટેબલ છે. ૧,૩૫,૧૨૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં કુલ ૩૫૮૭ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશન ૩, વડોદરા કોર્પોરેશન ૩ અને મહીસાગર ૧ સહિત ગુજરાતમાં કુલ ૦૯ કોરોના દર્દીઓનાં મોત નિપજ્યાં છે.




## આજનું પંચાંગ

| | | |
|---|---|---|
| ઉદિત તિથિ | : | કૃષ્ણ પક્ષ એકાદશી, બપોરે ૨ વાગીને ૩૫ મિનિટથી કૃષ્ણ દ્વાદશી |
| ઉદિત તિથિ | : | કૃષ્ણ પક્ષ દ્વાદશી સવારે ૧૧:૫૧ પછી ત્રયોદશી |
| વાર | : | બુધ |
| નક્ષત્ર | : | પૂર્વાફાલ્ગુની રાત્રે ૮:૪૧ સુધી, ત્યાર પછી ઉત્તરાફાલ્ગુની |
| કરણ | : | સવારે ૧૧:૫૧ સુધી તૈતિલ કરણ, ત્યાર પછી ગર(જ), રાત્રે ૧૦:૧૫ સુધી, ત્યાર બાદ વણિજ |
| યોગ | : | શુક્લ બપોરે ૨:૧૫ સુધી, ત્યાર પછી બ્રહ્મા |
| આજે જન્મેલા બાળકોની રાશિ | : | તારીખ ૧૫ ઑક્ટોબર ૨:૦૩ સુધી સિંહ રાશિ, ત્યાર બાદ કન્યા |
| રાશિના અક્ષરો | : | તારીખ ૧૫ ઑક્ટોબર ૨:૦૩ સુધી મ અને ટ બાદ પ. ઠ. ણ. |

## આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજના દિવસ દરમ્યાન તમે ઉત્સાહ અને ઉર્જાનો અનુભવ કરી શકશો. બીજા લોકો પાસેથી કશુંક શીખવા મળશે. આજના દિવસ દરમ્યાન બિઝનેસમાં નવી ડિલ થઈ શકે. નોકરી કરનારા વ્યક્તિઓનું પરફોર્મન્સ સુધરે. લગ્નોચ્છુકને પ્રેમ થઈ શકે. જો આપ પરણિત હોવ તો સંબંધો સુમધુર બને.

વૃષભ : સામાન્ય રીતે આપ પ્રૅક્ટિકલ નિર્ણયો લેતાં હોવ છો. આજના દિવસ દરમ્યાન આપ દિલથી વિચારશો. પોતાનો વિચાર કરવાની બદલે અન્ય લોકોનો વિચાર પહેલાં કરશો. બિઝનેસમાં ફાયદો માધ્યમ રહેશે. જૉબ કરતાં હશો તો ઍડજેસ્ટ કરવાનું ફાવશે નહીં પરંતુ મન મારીને સમાધાન કરીને દિવસ પસાર કરશો. ઘરની જવાબદારીઓ અંગે વિચારો વધારે આવશે.

મિથુન : આજે આપ વૈચારિક રીતે વધુ સંતુલિત હશો. ઝડપથી નિર્ણયો લઈ શકશો. દ્વિધા ઓછી થશે. નવી વસ્તુઓ જાણવાની, નવી ટેક્નોલૉજી વિષે જાણવાની ઈચ્છા થશે. બીજાઓના જીવનમાં શું ચાલી રહ્યું છે તે જાણવા અંગે જિજ્ઞાસા થાય. પબ્લિક રિલેશન્સ વધારવા માટે ટેક્નોલોજી અથવા લખાણનો સહારો લેશો તો વધુ લોકો સુધી પહોંચી શકશો

કર્ક : ઈન્વેસ્ટમેન્ટ કરવાનો વિચાર આવે અથવા ઈન્વેસ્ટ કરેલું હોય તો તેનું વળતર ક્યારે અને કેટલું મળશે? એ અંગેના વિચારો આવ્યા કરે. આજે રોજ કરતાં વધુ દ્રઢ રીતે આપ પોતાની વાત અન્ય લોકો સામે રજુ કરી શકશો. બીજા લોકો આપને દોરવશે અથવા માર્ગદર્શન આપશે, તે પ્રમાણે આપ કામ કરશો.

સિંહ : કોઈ પણ વસ્તુ, તેના નિશ્ચિત પ્રમાણ કરતાં વધુ હોય તો તે ઝેર સમાન સાબિત થાય છે, તે વાત આપ આજે સમજી જશો. દિવસ સારી રીતે પસાર થશે પણ બીજાઓ સાથે ઈગો પ્રૉબ્લેમ ન થાય તે અંગે ખાસ ધ્યાન રાખશો. આજે ધાર્યું ન થતાં ગુસ્સો આવવાની પૂરી શક્યતાઓ છે. ગુસ્સા ઉપર કાબુ, સંબંધો અકબંધ રાખશે.

કન્યા : આજે દિવસ પ્લાન કર્યા મુજબ ન વીતે એવું બને. આપ ઍલર્ટ અને ફ્લેક્સિબલ રહેશો તો વાંધો નહીં આવે. બની શકે કે કંટાળો અને થાક અનુભવાય. ધંધામાં થયેલ નુકસાન અથવા ઘટેલ પ્રવાહો અંગે ચિંતિત રહો. નોકરિયાતો માટે માધ્યમ અને સામાન્ય દિવસ.

તુલા : 'નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન' આ સૂત્ર યાદ રાખજો. જો કે, ખર્ચમાં નિશાન ઊંચું ન રાખતાં હોં ને! આજના દિવસ દરમ્યાન બીજાઓથી લાભ થવાની શક્યતાઓ. જેટલા સંબંધ સારાં, તેટલું આપનું કામ સરળ બનશે.

વૃશ્ચિક : આજે આપના ધંધામાં નવી તકો ઉભી થાય. નોકરિયાતોને બૉસ સાથેના સંબંધો સુધારવાની તક મળે. બીજા લોકો શું વિચારે છે તે મહત્વનું નહિ હોય, આપ પોતે શું વિચારો છો, તેને જ પ્રાધાન્ય આપશો અને ધાર્યું કરવા પ્રેરાશો.

ધન : વર્ક પ્રેશર રહેવાનું છે અને એને બ્લડ પ્રેશર સાથે કોઈ સંબંધ ન હોવો જોઈએ. આપ હંમેશા સ્માર્ટ વર્ક કરવાનું પસંદ કરો છો પણ આજે જો દરેક વસ્તુની ડિટેઈલમાં જશો તો કામ ડેડલાઈન મુજબ પૂરું નહિ થાય. વ્યવહારિક એટલે કે પ્રેક્ટિકલ બનો. પ્રિય પાત્રની અપેક્ષા આપની પાસેથી વધશે અને આપ તે અપેક્ષા પૂરી કરવા પ્રયાસ કરશો.

મકર : તબિયત સાચવવી જરૂરી બનશે. આજે આપણી ગણતરીઓ મુજબ ઘટનાઓ ન બને. આવકના પ્રમાણમાં જાવક વધુ રહે તેવું પણ બને. બીજા લોકો વિષે વિચારવાની તક નહીં મળે કેમ કે આપ પોતાની પળોજણોમાંથી જ માંડ ફ્રી થશો. શાંતિથી દિવસ પસાર કરવો.

કુંભ : સોશિયલ મિડિયા તરફ આપનું ધ્યાન વારંવાર ખેંચાશે. વર્ચ્યુઅલ વર્લ્ડમાં લોકો આપના વિષે શું કહે છે, આપના વખાણ કરે છે કે નહીં, એ જાણવાની ઉત્સુકતા રહેશે. ખરેખર ઉદાસીનતા દૂર કરવા સારું પુસ્તક વાંચો, સંગીત સાંભળો અથવા ધ્યાન ધરો. બાકી, વર્ચ્યુઅલ એ એક્ચ્યુઅલ તો નથી જ.

મીન : આજે હેક્ટિક દિવસ રહેશે. અન્ય લોકોને મદદ કરશો. આજે આપની ક્રિએટિવિટી પ્રેક્ટિકલ કારણોને લીધે ખીલી નહીં શકે. દ્વિધાનો અનુભવ કરશો અને કોઈ ચોક્કસ બાબતે અંતિમ નિર્ણય નહીં લઈ શકો.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

## ટોયોટા કિર્લોસ્કર મોટરે ભારતમાં લાંબા સમયથી રાહ જોવાતી કોમ્પેક્ટ એસયુવી ઓલ-ન્યુ ટોયોટા અર્બન ક્રુઝર રજૂ કરી

ટોયોટા કિર્લોસ્કર મોટર (ટીકેએમ)એ તેની નવી એસયુવી રજૂ કરી હતી. એકદમ નવી ટોયોટા અર્બન ક્રુઝર આ શ્રેણીમાં પોતાની ઉપસ્થિતિને મજબૂત કરશે અને યુવા ગ્રાહકોની વધતી જરૂરિયાતોને પૂર્ણ કરશે. ટોયોટા અર્બન ક્રુઝર વૈશ્વિક ટોયોટા-સુઝુકી ભાગીદારી અંતર્ગત ભારતમાં રજૂ થનારૂ બીજુ મોડલ છે. આ પહેલા પ્રીમિયમ હેચબેક ટોયોટા ગ્લાન્ઝા રજૂ કરવામાં આવી હતી, જેને ખુબજ પસંદ કરવામાં આવી અને તે અત્યંત સફળ રહી છે.

અર્બન ક્રુઝર આજના યુવા અચીવર્સ માટે ડિઝાઈન કરવામાં આવી છે, જેઓ કંઈક કરવા માંગે છે અને સન્માનની વાત અલગ હોય છે, તેમાં વિશ્વાસ ધરાવે છે. લાબા સમયથી રાહ જોવાતી કોમ્પેક્ટ એસયુવીને આયોજિત એક કાર્યક્રમમાં રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે ટીકેએમના મેનેજિંગ ડાયરેક્ટર મસાકાઝુ યોશિમુરા, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ, સેલ્સ અને સર્વિસ નવીન સોની તથા સેલ્સ એન્ડ માર્કેટિંગના વાઈસ પ્રેસિડેન્ટ તદાશી અસાઝુમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુથ આઈકોન અને લોકપ્રિય ભારતીય સુપરસ્ટાર અને ગાયક આયુષ્માન ખુરાના વિશેષ સન્માનિત અતિથિ હતા. તેમણે કાર્યક્રમમાં ભાગ લીધો તથા લોન્ચ પ્રસંગે ઉપસ્થિત લોકોને પ્રેરણા આપતી પોતાની વાર્તા કહી કે કેવી રીતે રેડિયો જોકીમાંથી સફળ અભિનેતા બન્યાં.

ઓલ ન્યુ અર્બન ક્રુઝમાં એક શક્તિશાળી કે સિરિઝ એન્જિન રહેશે. આ ૧.૫ લીટરનું ચાર સિલિન્ડર પેટ્રોલ એન્જિન છે અને મેન્યુલ ટ્રાન્સમીશન (એમટી) તથા ઓટોમેટિક ટ્રાન્સમીશન (એટી)ના વિકલ્પોમાં ઉપલબ્ધ બનશે. તેમાં અનુક્રમે પ્રતિ લીટર ૧૭.૦૩ કિમી અને પ્રતિ લીટર ૧૮.૭૬ કિમીની ક્ષમતા પ્રાપ્ત થશે. કોમ્પેક્ટ એસયુવીમાં ઉચ્ચસ્તરની તમામ ખાસિયતો રહેશે.




સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના હરસોલમાં ૧૮ દિવસ પહેલા એક મહિલાની વિચિત્ર લાશ મળી હતી જેને લઈને તલોદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં મહિલા હત્યા થઈ હોવાનું બહાર આવતા પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોધી એસઓજી શાખાએ વિવિધ ટીમો પાડી તપાસ હાથ ધરી હતી, ત્યારે લાશના સ્થળથી એક બંગડી મળી આવી હતી તેના પરથી મરણ જનાર મહિલાની હત્યા તેની પાડોશી મહિલાએ કરી હતી. તો મૃતક મહિલા સાથે હત્યા કરનાર મહિલાના પતિના આડા સંબંધ હોવાની શંકાને લઈને હરસોલ ગામના ગૌચરમાં લાકડા વીણવા ગયેલ બંને મહિલાઓ વચ્ચે બોલાચાલી થઈ હતી જેમાં પાડોશી ઉર્મિલાબેને મૃતક કાંતાબેનના માથાના ભાગે કુહાડી મારી હત્યા કરી હતી. એસઓજીએ હત્યા કરનાર મહિલાની સોમવારે ઉર્મિલાબેન રણજીતભાઈ પગીની ધરપકડ કરી હતી.

### મોડાસાની જીઆઈડીસીમાં તૈયાર કરેલ

## ઓક્સિજન કેન કોવીડ હોસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સને ભેટ આપ્યા

મોડાસા, તા. ૧૩

કોરોના મહામારીથી બચવા દેશ અને દુનિયા અથાક પ્રયત્ન કરી રહ્યાં છે, કોરોનાનો પડકાર ઝીલીને એની સામે ડૉક્ટરો, આરોગ્ય કર્મચારીઓ, પોલીસતંત્ર અને સરકાર સહિત વહીવટીતંત્ર કામગીરી કરી રહ્યાં છે. કોરોના વોરિયર્સનું ઠેર ઠેર સન્માન કરવામાં આવી રહ્યું છે ત્યારે મોડાસાની જીઆઈડીસીમાં આવેલ વિનાયક ગેસીસ કંપની ઓક્સિજન ઉત્પાદન કરતી કંપનીએ ગુજરાતમાં સૌપ્રથમવાર ઈમરજન્સી ઓકસી બ્રેથ નામના પોર્ટેબલ ઓક્સિજન કેન બનાવ્યા છે. આ ઓક્સિજન કેન મોડાસાની કોવીડ હોસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સને ભેટ આપવામાં આવ્યા છે.

કોવીડ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબ, આરોગ્ય કર્મીઓ અને વોલિયેન્ટર સતત કોરોનાગ્રસ્ત દર્દીઓની વચ્ચે રહી જીવના જોખમે ખડેપગે સેવા કરી રહ્યા છે. પીપીઈ કીટ અને માસ્ક પહેરવાના લીધે ઓક્સિજનની ઉણપ વર્તાય ત્યારે ઉભી થયેલ તકલીફમાં ઓક્સિજન કેન સંજીવની રૂપી સાબિત થઈ શકે છે અને કોરોના વોરિયર્સ ઘટેલું ઓક્સિજન લેવલ ઓકસી બ્રીથ કેન મારફતે સામાન્ય પરિસ્થિતિમાં લાવી શકતું હોવાથી મોડાસાની કોવીડ હોસ્પિટલમાં કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા લોકોને ઓક્સિજન કેન ભેટ કરવામાં આવ્યા હતા.



કોરોના મહામારીમાં સામાજિક સંસ્થાઓ તેમજ મેડિકલ સેવાઓ અનેક લોકો દ્વારા આપવામાં આવી છે ત્યારે કૉરોના પૉઝિટિવ દર્દીઓને ઑક્સિજનની જરૂર પડે તે માટે પોર્ટેબલ ઓક્સિજન કેનનું નિર્માણ મોડાસાની જીઆઈડીસીમાં ગુજરાતમાં સૌપ્રથમ વાર કરવામાં આવ્યું છે. મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત મોડાસાની જીઆઈડીસીમાં તૈયાર કરવામાં ઓકસી બ્રેથ નામના ઑક્સિજન કેન કૉવિડ હૉસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વૉરિયર્સને આપવામાં આવ્યા છે, જેથી ઑક્સિજનની ઓચિંતિ જરૂરિયાત સમયે ઑક્સિજન કેનનો દર્દી ઉપયોગ કરી શકે છે નું વિનાયક ગેસના માલિક અમરિશ ભાટિયા અને ધનંજય ભાટિયાએ જણાવ્યું હતું.

### વધુ ૨૦... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પીડીપીયુમાં લેબોરેટરીમાં કેમીસ્ટ તરીકે ફરજો બજાવતા ૫૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત દોલારાણા-વાસણા ગામે પ્રાથમિક શિક્ષક તરીકે ફરજો બજાવતા સે. ૫ માં રહેતા શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં શિક્ષકે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી પણ આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ૫૭ વર્ષીય ગૃહીણી તેમજ ૭૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્ને મહિલા દર્દીને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ચાંગોદર ખાતેની ખાનગી ફાર્મા કંપનીમાં નોકરી કરતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

### દર્દીઓ ત્રાહિમામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવાનુ આયોજન કરાયુ છે. બીજીતરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલના આંતરિક માર્ગોની દશા જ અત્યંત ખરાબ છે. સિવિલ તંત્રની માળખાગત સુવિધાના કામો કરવાનો હવાલો પી આઈ યુ વિભાગ સંભાળે છે. ત્યારે સિવિલ સંકુલના માર્ગો પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને એમ્બ્યુલન્સમાં લઈ જવામાં પણ પાંસળીઓ ઉંચી થઈ જાય તેવી સ્થિતિ છે. ત્યારે ખાનગી વાહનોની અવરજવર દરમિયાન પણ સિવિલ સંકુલના માર્ગોની અવદશાના લીધે દર્દીઓ તેમજ તેમના સગાસંબંધીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. સિવિલ સંકુલની માર્ગ સુધારણા માટે હોસ્પિટલ કક્ષાએથી માર્ગ મકાન વિભાગને પત્ર લખી જાણ કરવામાં આવી હતી જો કે આ કામગીરી પી આઈ યુ હસ્તક વિભાગની હોવાનુ પણ તંત્રએ સ્પષ્ટ કરી દીધુ છે. સિવિલ સંકુલમાં માળખાગત સુવિધાઓ સહીતના તમામ કામ પી આઈ યુ વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે સંકુલના માર્ગો છેલ્લા ઘણાં સમયથી મગરની પીઠ સમાન બન્યા છે. જેના લીધે દર્દીઓ , ડોકટરો અને અવરજવર કરતા મુલાકાતીઓ પણ ત્રાહીમામ છે. કોરોનાની મહામારી વચ્ચે સિવિલ સંકુલના બિસ્માર માર્ગો પણ નાગરિકો માટે ફરિયાદનુ કારણ બન્યા છે. આઈ સી યુ ઓન વ્હીલ પણ ડગમગી જાય તેવી સ્થિતિ છે. ત્યારે સમગ્ર શહેરમાં માર્ગ સુધારણા અને તેના બ્યુટીફિકેશનના દેશની સેલીબ્રીટીઝ પણ બેમોઢે વખાણે છે. પરંતુ સિવિલ સંકુલના કમરતોડ માર્ગોથી દર્દથી કણસતા દર્દીઓની હાલત વધુ દયાજનક બની છે. સિવિલ સંકુલના માર્ગોની સુધારણા માટે ત્વરિત આયોજન કરવામાં આવે તે અનિવાર્ય છે. માર્ગોની દુર્દશાના લીધે શહેરીજનોમાં પણ રોષ પ્રવર્તયો છે.

### અસામાન્ય દશ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બરાબર સેટ થઈ ગયુ છે અને આ ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નો હલ થઈ ગયા છે. ડેપ્યુટી મ્યુનિ. કમિશનર દવેએ પણ પ્રશ્નોના નિકાલ માટે વર્ગ-૨ ના અધિકારીઓને ફરજ અને મોનીટરીંગની જવાબદારી સોંપાઈ છે અને હવે પ્રશ્નો નથી રહ્યા જણાવ્યું કે કર્મચારીઓ કાયમી ન હતા તેમને મનપાની નીતિ મુજબ આઉટ સોર્સિંગમાં સમાવવામાં આવ્યા છે. આ પછી મેયર તરફથી થયેલ રજુઆત અને એક્ટની જોગવાઈને આધિન રહી કમિશનરે છેલ્લી ઘડીએ સભા સામે દરખાસ્ત રજુ કરી હતી કે સ્થાયી સમિતિએ જે આઈસીસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ સ્થાયી સમિતિએ નકારી છે તેને મંજૂરી આપવામાં આવે. આ દરખાસ્તને લઈ કોંગ્રેસ ભડકી હતી તેણે પહેલાં વાંધો રજુ કર્યો હતો કે કમિશનર કોઈ દરખાસ્ત સામાન્ય સભામાં સીધી રજુ કરી શકે જ નહિ. ચીમન વિંઝુડાએ આ વાંધો રજુ કરતાં તેમને એક્ટની કોપી સાથે મનાવવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ આમાં સ્થાયી સમિતિનું અવમાન થાય છે તેવું જણાતાં કોંગ્રેસે તેને ફગાવી દીધી હતી. આ પછી પીકઅપ સ્ટેન્ડ બનાવવા માટેની દરખાસ્તને રજુ કરવાનું માંડી વાળી સભાનું કામકાજ પૂર્ણ થાય છે તેવી જાહેરાત મેયરે કરી હતી.

## ગુજરાતી ગાયિકા કૌમુદી મુનશીનું ૯૧ વર્ષે નિધન

ગુજરાતી ભાષાના ખ્યાતનામ ગાયિકા કૌમુદી મુનશીનું ૯૧વર્ષની વયેનું ટૂંકી બિમારી બાદ આજરોજ ૧૩ ઓક્ટોબર, મંગળવારની વહેલી સવારે ૧.૧૦ કલાકે મુંબઈ ખાતે વિધન થયું છે. ગુજરાતી સુગમ સંગીતમાં તેમનું અદ્વિતીય પ્રદાન છે. તેમણે ફિલમ કાશીનો દિકરોમાં ઝીણા ઝીણા રે આંકેથી અમને ચાળીયા ગીંત ગાયું હતું. જેના સંગીતકાર ક્ષેમુભાઈ દિવેટિયા હતા. આવા તો અનેક જાણીતા સુગમ તેમજ ગુજરાતી ફિલ્મના ગીતો તેમણે ગાયા હતા..

કૌમુદી મુનશીનો જન્મ ૩ ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ વારાણસી ખાતે થયો હતો, પચાસ વર્ષ સુધી ગુજરાતી સુગમ સંગીતની સેવા કરનાર કૌમુદીબહેન છેક કોરનાકાળ સુધી તેમના શિષ્યોને તાલીમ આપવાની સાથે સંગીત સાથે જોડાયેલાં રહ્યા. વારાણસીના એક જમીનદાર પરિવારમાં તેમનો જન્મ થયો હતો. જ્યાં ઘરના પુરુષો સંગીતના શોખિન પરંતુ સ્ત્રીઓનો તો અવાજ પણ ઘરની બહાર ન નીકળવો જોઈએ. તેમાં ગાવાની તો કલ્પના પણ ન થઈ શકે. કૌમુદીબહેન ત્રણ વર્ષનાં હતાં ત્યારે તેમના પિતાનું અવસાન થયું. આઝાદી બાદ જમીનદારી પણ ગઈ. આ સ્થિતિમાં જ્યારે કૌમુદીબહેન રિયાઝ કરતાં તો એમનાં માતા બારી બારણા ચુસ્ત બંધ કરી દેતાં.



આ બધાં જ બંધનો તોડીને કૌમુદીબહેન દાલકીમંડી જેવા વિસ્તારમાં જઈને પણ સંગીતના મહારાણી ગણાતા સિદ્ધેશ્વરી દેવી પાસે ઠુમરી દાદરા વગેરે શાસ્ત્રીય સંગીતની વિધાઓ શીખ્યા.

તેમને સુગમ સંગીત ક્ષેત્રે આગળ વધવામાં પતિ નીનુ મઝમૂદારનો ઘણો સહકાર મળ્યો. કૌમુદીબહેને વારાણસીથી આવીને મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી. ૧૯૫૨માં તેમની સાથે સંગીતયાત્રા શરૂ થઈ. એ વખતે નીનુ મઝમૂદાર સંગીત ક્ષેત્રે નામ બનાવી ચૂક્યા હતા.

કૌમુદીબહેનના મધુર અવાજ અને શાસ્ત્રીય સંગીતની તાલીમથી નીનૂભાઈ અભિભૂત થયા. તેમની એચેમવી રેકર્ડ બની તેમજ તેઓ આકાશવાણીના ગાયિકા બન્યા. ૧૯૫૪માં નીનુભાઈના પહેલાં પત્ની શારદાબહેનનું નિધન થયા બાદ બંને લગ્ન સંબંધે બંધાયા. તેમના પુત્ર ઉદય મઝમૂદાર પણ સંગીત ક્ષેત્રે ક જાણીતા કલાકાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું છે કે, ગુજરાતી સુગમ સંગીતનાં શિરમોર ગાયિકા કૌમુદી મુનશીના અવસાનથી દુઃખ અનુભવું છું. ગુજરાતી સુગમ સંગીતને લોકપ્રિય બનાવવામાં તેમનું યોગદાન સંગીતપ્રેમી પેઢીઓ માટે હંમેશા યાદગાર રહેશે. કૌમૂદીબહેનને શ્રદ્ધાંજલિ પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાતી સુગમ સંગીતના શિરમૌર ગાયિકા કૌમૂદીબહેને પોતાના મધૂર સ્વરથી ગુજરાતી રચનાઓને ઘેર-ઘેર ગૂંજતી કરી હતી. તેમનું આ યોગદાન ગુજરાતી સુગમ સંગીતમાં દીર્ઘકાલિન બની રહેશે.

### ૧૬ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાલવા ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સોજા ગામેથી ૮૧ વર્ષીય વૃદ્ધ ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૬૩ વર્ષીય નિવૃત્ત ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામીણ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૦૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

## અરવલ્લી જિલ્લામાં ૭૪ રેવન્યુ તલાટીઓની સાગમેટે બદલી

### રેવન્યુ તલાટીઓમાં ''કહી ખુશી કહી ગમ'' બદલી સ્થળે હાજર થવાનો આદેશ

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ ભલે ત્રણ મહિના પાછી ઠેલાઈ હોય પણ સરકારી કર્મચારીઓની બદલીઓની મોસમ જામી હોય તેમ પોલીસતંત્રમાં બદલીઓનો ગંજીફો ચીપાયા બાદ જીલ્લા કલેકટરે એક સાથે ૭૪ રેવન્યુ તલાટીઓની જીલ્લામાં આંતરિક બદલીઓનો આદેશ કરતા રેવન્યુ તલાટીઓમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો મહેસુલ વિભાગમાં હજુ આગામી સમયમાં ભારે ઉલટફેર જોવા મળી શકે છે.

તાજેતરમાં સાબરકાંઠા જીલ્લામાં જીલ્લા વિકાસ અધિકારીએ ૧૦૫ તલાટીઓની બદલી કરતા જીલ્લાના રાજકારણમાં ભારે ધમાસાણ મચી છે અને કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય ચોકઠાં ગોઠવવા ભાજપના ઈશારે ડીડીઓએ ૧૦૫ તલાટીઓની બદલી કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો છે ત્યારે અરવલ્લી જીલ્લામાં ૬ તાલુકામાં ફરજ બજાવતા ૭૪ રેવન્યુ તલાટીઓની તાલુકા ફેર અને આંતરિક બદલીઓ વહીવટી કારણોસર નિમણુંક અને ફેરબદલીના આદેશ નિવાસી અધિક કલેકટરે કરી દેતા રેવન્યુ તલાટીઓની દિવાળી બગડી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

### સત્તાનું રાજકારણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોરડિયા સહિત અન્ય દલિત ધારાસભ્યો સાથે વાત કરી હતી અને બધાએ કહ્યું હતું કે સરકારમાં અમારા કામ થઈ રહ્યા નથી. બૈરવાએ કહ્યું છે કે જ્યારે પણ હું દલિતોના કામ માટે કોઈ કાગળ આપું છું તે કામ નથી થતા. આરોગ્ય વિભાગમાં તાજેતરમાં જ ૪ બદલીઓ અપાઈ હતી, જેમાં એક બ્રાહ્મણ હતી અને ૩ દલિતો હતા. બ્રાહ્મણનું નામ જોઈને તેમની બદલી થઈ, જ્યારે ત્રણેય દલિતોની બદલી થઈ ન હતી. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી કહે છે કે ભાજપ દલિતો અને અલ્પસંખ્યકોને માણસ નથી સમજતું, પરંતુ અહીં પણ કોંગ્રેસની સરકારમાં પણ આ સ્થિતિ છે તો શું કહીશું. બૈરવાએ આ સંદર્ભે રાહુલ ગાંધીને પત્ર લખ્યો છે. એક વાતચીતમાંચિકિત્સા પ્રધાન ડો. રઘુ શર્મા અને ઊર્જા પ્રધાન ડો..બી.ડી. કલ્લા પર સવાલ ઉઠાવતા, તેમણે કહ્યું કે આ બંને દલિત ધારાસભ્યો અને દલિત કર્મચારીઓ માટે કામ કરતા નથી. તેમણે કહ્યું કે હું ૪૬ વર્ષથી રાજકારણમાં છું, સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધી સાથે જેલમાં ગયો હતો.

### પૂર્વવત કરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લગભગ એક લાખ જેટલા સૈનિકો તૈનાત કરી રાખ્યા છે જે લાંબા ગતિરોદ માટે અડગ રહેવાની તૈયારી છે. વાર્તા અંગે હજુ કોઈ અધિકૃત નિવેદન નથી આવ્યું પરંતુ સૂત્રોએ કહ્યું કે એજન્ડો વિવાદના તમામ પોઈન્ટ્સથી સૈનિકોની વાપસી માટેની વાતને અંતિમ સ્વરૂપ આપવાનો હતો. ભારતીય પ્રતિનિધિત્વમંડળનું નેતૃત્વ લેહ સ્થિત ૧૪મી કોરના કમાન્ડર લેફ્ટેનન્ટ જનરલ હરિન્દર સિંહ અને વિદેશ મંત્રાલયમાં પૂર્વ એશિયા મામલાના સંયુક્ત સચિવ નવીન શ્રીવાસ્તવ કરતા હતા. એવું કહેવાય છે કે વાર્તામાં ચીની વિદેશ મંત્રાલયનો એક અધિકારી પણ ચીની પ્રતિનિધિમંડળનો ભાગ છે. વાર્તામાં ભારતે ભારપૂર્વક કહ્યું કે ચીને વિવાદના તમામ પોઈન્ટ્સથી પોતાના સૈનિકોને જલદી અને સંપૂર્ણ રીતે પાછા બોલાવી લેવા જોઈએ તથા પૂર્વ લદાખમાં તમામ વિસ્તારોમાં એપ્રિલ પહેલાની સ્થિતિ પૂર્વવત કરવી જોઈએ.

### સામ-સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી રહી છે, પરંતુ જે રીતે એકદમ લોકડાઉન કરવું ખોટું પગલું હતું, એ જ રીતે બધું એકદમ અનલોક કરવું પણ ખોટું હશે. આ સાથે જ તેમણે કહ્યું કે, તમે મને હિંદુત્વવાદી કહ્યો એ યોગ્ય છે, પરંતુ મારે તમારા હિંદુત્વવાદના સર્ટીફિકેટની જરૂરિયાત નથી. ધાર્મિક સ્થળોને ના ખોલ્યા તો સેક્યૂલર અને ખોલી દીધા તો હિંદુત્વવાદી આ જ તમારી વિચારસરણી છે શું?

### પોસ્ટર વોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દૂતાવાસની બહાર સાઈન બોર્ડ પર હિન્દુ સેના દ્વારા એક પોસ્ટર પણ ચોંટાડવામાં આવ્યું છે. આ પોસ્ટરમાં ચીનને સાંસદ ફારૂક અબ્દુલ્લાની ખોટી ટિપ્પણીનો વિરોધ કરતાં સાંસદ ફારૂક અબ્દુલ્લાને અપનાવવા કહેવામાં આવ્યું છે. પોસ્ટરમાં લખ્યું છે કે, 'ચીને ફારુક અબ્દુલ્લાને દત્તક લેવા જોઈએ અને તેમના દેશમાં લઈ જવા જોઈએ.' બીજી બાજુ નેશનલ કોન્ફરન્સ દ્વારા હવે ઈનકાર કરવામાં આવ્યો છે કે ફારૂક અબ્દુલ્લાએ ચીનના સહયોગથી કલમ ૩૭૦ પુન સ્થાપિત કરવામાં આવશે એવું નિવેદન કર્યું હતું.